eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 78
Nov. 24, 2006

## વર્ષો જુના "ટીબીના રાક્ષસ સામે ડોટસની લડાઈ" સુરત મહાનગરપાલિકા ધ્વારા અભિનવ લોકજાગૃતિ કાર્યક્રમ

ટીબીનાં જંતુ માયકોબેકટેરીયમ ટયુબરકયુલોસીસની શોધ ૧૮૮૨માં રોબર્ટ કોક નામનાં વૈજ્ઞાનિકે કરી ત્યારે તે ખૂબ ખુશ થયો, કેમ કે તેને લાગ્યું કે હવે ટીબી નામનાં મારક રક્ષસને નાથી શકાશે. પરંતુ આજે પરિસ્થિતિ ઘણી જ દુ:ખદ છે તથા એચ.આઈ.વી.નાં રોગનાં પ્રસાર પછી વધારે ખરાબ થઈ રહી છે. આજે પણ ભારતભરમાં દર વર્ષે ૧૮ લાખ કેસો ટીબીનાં થાય છે, દર વર્ષે હજુ પણ ૪ લાખ લોકો ટીબીનાં કારણે મૃત્યુ પામે છે. એટલે કે દર દોઢ મીનીટે એક વ્યકિત ટીબીનો કાળ બને છે. દર વર્ષે ત્રણ લાખ બાળકોને સ્કૂલ છોડવી પડે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ અંતર્ગત ૪,૩૬,૦૦૦થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

"ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૨૮–૧૧–૨૦૦૬ થી તા. ૨૦–૦૧–૨૦૦૭ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેર વિસ્તારમાં ખાનગી રાહે બસ સર્વિસ ઓપરેટ કરવાનો ઈજારો આપવા અંગે

સુરત મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં બસ સર્વિસ ઓપરેટ કરવાનો પરવાનો આપવા ધારે છે. જે માટે ઈચ્છુક ઓપરેટરો, ટ્રાન્સપોર્ટરો, ખ્વાહિશ ધરાવનાર પાસેથી મહોરબંધ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક)ની કચેરીમાંથી રજા તથા રવિવારનાં દિવસો સિવાય ૧૧.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી તા. ૩૦–૧૧–૨૦૦૬ સુધી મળી શકશે. જે માટે ટેન્ડર ફી ની રકમ રૂા. ૧૧,૦૦૦/– રોકડેથી અથવા તો " મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત " ના નામના ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી ચૂકવવાની રહેશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર રોડ તથા સુરત–નવસારી રોડને સીમેન્ટ કોંક્રીટનો બનાવવાના કામ બાબત

સુરત શહેરમાં રાંદેર મેઈન રોડને નવયુગ કોલેજથી ધબકાર સર્કલ અડાજણ પાટીયા સુધી તેમજ સુરત–નવસારી રોડ ઉપર ઉન જકાતનાકાથી ભેસ્તાન ચોક વિકાસ કોલોનીથી સી.એન.જી. ગેસ સર્કલ સુધી સીમેન્ટ કોંક્રીટનો બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે. હાલમાં ધબકાર સર્કલ અડાજણ પાટીયાથી નવયુગ કોલેજ જતા ટ્રેક પર આ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આગામી પુસ્તક મેળો તથા બાગાયત/હર્બલ મેળાના દિવસો દરમ્યાન જાહેરાતના હકકો અને કેન્ટીનલ આઈસ્ક્રીમ તથા ઠંડા પીણાના તેમજ પોપકોર્નના સ્ટોલ ચલાવવા અંગેનો કોન્ટ્રાકટ આપવા બાબત

સુરત મહાનગરપાલિકા ધ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૫–૦૧–૨૦૦૭ થી તા. ૨૯–૦૧–૨૦૦૭ સુધી રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત/હર્બલ મેળો અને રાષ્ટ્રીય શિલ્પગ્રામ ઉત્સવનું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, રીંગરોડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળામાં બહોળી સંખ્યામાં મુલાકાતીઓ આવશે. ઉપરોકત મેળા માટે (૧) જાહેરાતના હકકો આપવાના તેમજ (૨) કેન્ટીન (ક્રાફટેરીયા) (૩) આઈસ્ક્રીમ, ઠંડા પીણા, મીનરલ વોટર વિ. (૪) પોપકોર્નના સ્ટોલ ચલાવવા માટે રસ ધરાવનાર અને અનુભવી ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# વર્ષો જુના "ટીબીના રાક્ષસ સામે ડોટસની લડાઈ" સુરત મહાનગરપાલિકા ધ્વારા અભિનવ લોકજાગૃતિ કાર્યક્રમ

ટીબીનાં જંતુ માયકોબેકટેરીયમ ટયુબરકયુલોસીસની શોધ ૧૮૮૨માં રોબર્ટ કોક નામનાં વૈજ્ઞાનિકે કરી ત્યારે તે ખૂબ ખુશ થયો, કેમ કે તેને લાગ્યું કે હવે ટીબી નામનાં મારક રક્ષસને નાથી શકાશે. પરંતુ આજે પરિસ્થિતિ ઘણી જ દુઃખદ છે તથા એચ.આઈ.વી.નાં રોગનાં પ્રસાર પછી વધારે ખરાબ થઈ રહી છે. આજે પણ ભારતભરમાં દર વર્ષે ૧૮ લાખ કેસો ટીબીનાં થાય છે, દર વર્ષે હજુ પણ ૪ લાખ લોકો ટીબીનાં કારણે મૃત્યુ પામે છે. એટલે કે દર દોઢ મીનીટે એક વ્યકિત ટીબીનો કાળ બને છે. દર વર્ષે ત્રણ લાખ બાળકોને સ્કૂલ છોડવી પડે છે. કારણ કે તેમના માતા/પિતાને ક્ષય લાગુ પડયો છે તથા એક લાખથી વધુ સ્ત્રીઓએ ટીબી રોડ હોવાને લીધે ઘરમાંથી કાઢી મુકવામાં આવે છે. આર્થિક રીતે વિચારતા રૂા. ૧૨૦૦૦ કરોડ રૂપિયાનું નુકશાન દેશને ટીબીનાં કારણે વેઠવું પડે છે.

ટીબીનાં ફેલાવવાનું મુખ્ય કારણ અધુરી/અપૂરતી ગાઈડલાઈન સિવાયની સારવાર છે તથા જેનાં લીધે અધુરી સારવાર લીધેલ દર્દીઓ સમાજમાં ચેપ ફેલાવતા જ રહે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા પ્રમાણિત ' ડોટસ ' પ્રકારની સારવાર વિશ્વના લગભગ ૧૮૦ થી વધુ દેશોમાં અમલમાં મુકવામાં આવી છે, જેનો મુખ્ય આધારસ્તંભ 'ડાયરેકટલી ઓબ્ઝર્વડ ટ્રીટમેન્ટ' એટલે કે નજર સમક્ષની સારવાર છે. જેમાં દર્દી સારવાર લેવા ન આવે તો પણ તેને ઘરે થઈ સમજાવી, કારણ, સમસ્યા શોધી ફરી સારવાર પૂરી કરાવવામાં આવતી હોઈ મૂળમાંથી જ ચેપ ફેલાતો અટકાવે છે. દર્દીની સારવાર પુરી થાય ત્યાં સુધી તમામ પ્રકારની માવજત/સલાહસૂચન અન્ય સારવાર વિગેરે લાગણીસભર રીતે કરવામાં આવતી હોઈ, આ સારવાર વિશ્વ લેવલે પણ ખૂબ જ સફળતા પામી છે.

સુરત મહાનગરપાલિકામાં આવી ડોટસ હેઠળ નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે તથા સફળતાપૂર્વક સને–૨૦૦૦થી દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ રહયા છે.

સુરત શહેરમાં પ્રેકટીસ કરતા પ્રાઈવેટ પ્રેકટીશનરો પણ આ સેવાનો સંપૂર્ણ લાભ લઈ રહયા છે. હાલમાં ૪૨૮ ડોકટરો પોતાનાં દર્દીઓને આ સેવાનો લાભ આપે છે/રીફર કરે છે.

ઈન્ડીયન મેડીકલ એસોસીએશન–ગુજરાત બ્રાંચ પોતાની સ્ટેટ લેવલ કોન્ફરન્સ સુરત ખાતે તા. ૨૫/૨૬ નવેમ્બરનાં રોજ યોજી રહી છે. જેમાં ગુજરાતભરનાં અંદાજીત ૧૩૦૦ ડોકટરો ભાગ લઈ રહયા છે. સદર કોન્ફરન્સમાં પણ ' ડોટસ ' તથા ટીબી વિષેનાં વકતવ્યો સામેલ કરાયેલ છે તથા રાજય સરકારનાં અધિકારીઓ તથા WHO-PPM સેન્ટ્રલ ટીબી ડીવીઝનનાં પ્રોગ્રામ ઓફિસર ધ્વારા વકતવ્યો પસંદ પામેલ છે. જેમાં ડોટસ વિષેની વિગતવાર જાણકારી આપવામાં આવશે. આ તબકકે તમામ તબીબ મિત્રોને અપીલ કરવામાં આવે છે કે તેમનાં ટીબીનાં દર્દીને ફકત 'ડોટસ' અપાવે.

TOP

# સુરત મહાનગરપાલિકા શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ અંતર્ગત ૪,૩૬,૦૦૦થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરશે

''ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૨૮–૧૧–૨૦૦૬ થી તા. ૨૦–૦૧–૨૦૦૭ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા, આંત્રકૃમિ, રતાંધળાપણું, દ્રષ્ટિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતિ કેળવવી તથા નાગરિકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ છે.

ગયા વર્ષે આ કાર્યક્રમ હેઠળ ૭૯૫ પ્રાથમિક શાળાઓના ૪,૦૩,૫૮૦ બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી. જે પૈકી જુદીજુદી સામાન્ય બિમારીવાળા ૫૨,૩૬૭ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. જે પૈકી બાળરોગ નિષ્ણાંત ધ્વારા ૧૧૭૦, આંખના નિષ્ણાંત ધ્વારા ૧૦૫૩, દાંતના નિષ્ણાંત ધ્વારા ૫૭૮, ચામડીના નિષ્ણાંત ધ્વારા ૮૧૨, નાક, કાન ગળાના નિષ્ણાંત ધ્વારા ૩૧૮ તથા અન્ય ૩૨૪ બાળકોને તબીબોને સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ૭૮ જરૂરીયાતવાળા બાળકોને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખાસ કેસ તરીકે હદયની સારવાર માટે ૧૨૭ બાળકોને કીડનીની ખામીવાળા ૦૫ તથા કેન્સરની ખામીવાળા ૦૨ બાળકોને તેમના વાલીઓ સાથે નવી સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલી સારવાર આપવામાં આવી હતી.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા ધ્વારા આ કાર્યક્રમ હેઠળ સુરત પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૭૬ તથા ૫૧૯ માન્ય ખાનગી શાળાઓ મળી કુલ ૭૯૫ પ્રાથમિક શાળાઓના ૪,૩૬,૦૦૦થી વધુ બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડીકલ ઓફિસર સાથે એક પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક/શિક્ષિકા મદદમાં રહેશે.

તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી, ચામડીના રોગો, વીટામીન 'એ'ની ઉણપ, આયોડીન ઉણપ જેવા રોગોની સારવાર શાળામાં જ આપવામાં આવશે. જયારે સ્થળ પર સારવાર આપી ન શકાય તેવી બીમારીવાળા બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ, (૨) સ્મીમેર હોસ્પીટલ, (૩) નવી સીવીલ હોસ્પીટલ, (૪) જુની સીવીલ હોસ્પીટલ ખાતે બાળ રોગ, આંખ, કાન નાક ગળાના રોગો, ચામડીના રોગોના તજજ્ઞ તબીબોની સેવાઓ મળી રહે તથા આ સારવાર વિનામૂલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત હદય, કીડની તથા કેન્સર જેવી બીમારીવાળા બાળકોને જરૂર પડે સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે લઈ જવામાં આવશે.

ચાલુ વર્ષે આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત શહેરી આરોગ્ય કેન્દ્રો મેડીકલ ઓફિસરો, સ્મીમેર તથા ગર્વમેન્ટ મેડીકલ કોલેજના ઈન્ટર્નીઝ ડોકટર મળી કુલ–૫૦ મેડીકલ ઓફિસરો, ૫૦ પેરામેડીકલ વર્કરો તથા ૧૫૯૦ શિક્ષક/શિક્ષિકાઓ ભાગ લેશે. આ અંગે મેડીકલ ઓફિસરો, પેરામેડીકલ વર્કરોને તાલીમ આપવાની કામગીરી પુરી કરવામાં આવી છે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષીના આદેશાનુસાર ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ ધ્વારા કરવામાં આવ્યું છે.

TOP

# સુરત મહાનગરપાલિકા

## ટેન્ડર નોટીસ નં. સુ. મ. ન. પા. / ડી. સી.(સ્પે.) / ટ્રાફિક / ૦૩ / ૨૦૦૬–૦૭

## કામનું નામ:– સુરત શહેર વિસ્તારમાં ખાનગી રાહે બસ સર્વિસ ઓપરેટ કરવાનો ઈજારો આપવા અંગે

સુરત મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં બસ સર્વિસ ઓપરેટ કરવાનો પરવાનો આપવા ધારે છે. જે માટે ઈચ્છુક ઓપરેટરો, ટ્રાન્સપોર્ટરો, ખ્વાહિશ ધરાવનાર પાસેથી મહોરબંધ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક)ની કચેરીમાંથી રજા તથા રવિવારનાં દિવસો સિવાય ૧૧.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી તા. ૩૦–૧૧–૨૦૦૬ સુધી મળી શકશે. જે માટે ટેન્ડર ફી ની રકમ રૂા. ૧૧,૦૦૦/– રોકડેથી અથવા તો " મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત " ના નામના ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી ચૂકવવાની રહેશે.

કોરા ટેન્ડરો લેવાની ખ્વાહિશ ધરાવનાર ઓપરેટરો / ટ્રાન્સપોર્ટરોએ પોતાની કં નો પ્રોફાઈલ, છેલ્લાં ત્રણ વર્ષનાં ઈન્કમટેક્ષ કલીઅરન્સ સર્ટીફિકેટ, કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનું રૂા. ૧.૦૦ કરોડની રકમનું સોલવન્સી સર્ટીફિકેટ અને આવા પ્રકારનાં કામોનાં અનુભવો / વિગતોની યાદી અરજી સાથે બિડવાની રહેશે. જેનાં વગર કોરા ટેન્ડરો આપવામાં આવશે નહી.

પોસ્ટથી ટેન્ડરો મંગાવનારે રૂા. ૨૦૦/– વધારાની ફી મોકલવાની રહેશે. જો કે ટેન્ડર કોપીની સહીસલામત ડિલીવરી બાબતે મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહી. કોઈપણ અથવા બધાં જ ટેન્ડરો રદ કરવાનો અબાધિત હકક સુરત મહાનગરપાલિકાનો રહેશે અને તે અંગેનાં કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

ભરેલા મહોરબંધ ટેન્ડરો " મુખ્ય હિસાબનીશશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫ ૦૦૩ " ને તા. ૨૦–૧૨–૨૦૦૬ સુધીમાં સાંજ ૫.૦૦ કલાક સુધીમાં ભારત સરકારનાં ફકત સ્પીડ પોસ્ટ / રજી. પો. એડી. થી જ પહોંચે તે રીતે રવાના કરવાનાં રહેશે. નિર્ધારીત સમય / તારીખ બાદ તથા અન્ય રીતે રવાના કરેલ ટેન્ડરો અસ્વીકાર્ય ગણાશે. ભરેલા ટેન્ડરો સાથે રૂા. ૧૦,૦૦,૦૦૦/– (રૂા. દસ લાખ)ની અર્નેસ્ટ મની ડિપોઝીટ અચૂકપણે ભરવાની રહેશે.

તા. ૦૪–૧૨–૨૦૦૬નાં રોજ ૧૧.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે ટેન્ડર ભરવા પહેલાં પ્રિ–બીડ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

ડેપ્યુટી કમિશ્નર (સ્પે.)
સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકા
## જાહેરવિજ્ઞપ્તિ

# રાંદેર રોડ તથા સુરત–નવસારી રોડને સીમેન્ટ કોંક્રીટનો બનાવવાના કામ બાબત

**સુરત શહેરમાં રાંદેર મેઈન રોડને નવયુગ કોલેજથી ધબકાર સર્કલ અડાજણ પાટીયા સુધી તેમજ સુરત–નવસારી રોડ ઉપર ઉન જકાતનાકાથી ભેસ્તાન ચોક વિકાસ કોલોનીથી સી.એન.જી. ગેસ સર્કલ સુધી સીમેન્ટ કોંક્રીટનો બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.**

**હાલમાં ધબકાર સર્કલ અડાજણ પાટીયાથી નવયુગ કોલેજ જતા ટ્રેક પર આ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેથી આ કામ દરમ્યાન વાહન વ્યવહારને પડનાર મુશ્કેલી ધ્યાનમાં લેતાં આ ભાગમાં ઋષભ સર્કલથી સરદાર બ્રીજ તરફ જતો રસ્તો અને ગુજરાત ગેસ સર્કલથી રાંદેર મેઈન રોડનો રસ્તો ઋષભ સર્કલ પર કામ ચાલુ હોવાથી બંધ કરવામાં આવેલ છે. આથી રાંદેર રોડ પરથી સરદાર બ્રીજ તરફ જવા માટેના ટ્રાફિકને ધબકાર સર્કલ (અડાજણ પાટીયા) થઈ અથવા તાડવાડી જંકશન થઈ ચોકસીની વાડી થઈ સરદાર બ્રીજ તરફ ડાયવર્ટ કરવામાં આવેલ છે તે જ રીતે ગુજરાત ગેસ સર્કલથી રાંદેર મેઈન રોડ તરફ જવા માટેના ટ્રાફિકને ચોકસીની વાડી થઈ તાડવાડી જંકશન તરફ ડાયવર્ટ કરવામાં આવેલ છે. તદઉપરાંત જે ભાગમાં કામગીરી ચાલતી હોય તે ભાગ તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત કરવામાં આવશે. જેથી સુરત–નવસારી રોડ અને રાંદેર રોડ ઉપર કામગીરી દરમ્યાન જે તે સમયે જે તે સ્થળ પર સૂચવવામાં આવનાર ડાયવરઝન મુજબ પરિવહન કરવા વિનંતી. તેમજ જાહેર જનતાને વધુ સારી સેવા પૂરી પાડી શકાય તે હેતુસર મહાનગરપાલિકાએ હાથ ધરેલ કામગીરી દરમ્યાન પડતી અડચણો, મુશ્કેલી નિભાવી લઈ જરૂરી સહકાર આપવા આગ્રહભરી વિનંતી.**

**આભાર સહ.**

**કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

**TOP**

સુરત મહાનગરપાલિકા

## આગામી પુસ્તક મેળો તથા બાગાયત/હર્બલ મેળાના દિવસો દરમ્યાન જાહેરાતના હકકો અને કેન્ટીનલ આઈસ્ક્રીમ તથા ઠંડા પીણાના તેમજ પોપકોર્નના સ્ટોલ ચલાવવા અંગેનો કોન્ટ્રાકટ આપવા બાબત

સુરત મહાનગરપાલિકા ધ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૫–૦૧–૨૦૦૭ થી તા. ૨૯–૦૧–૨૦૦૭ સુધી રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત/હર્બલ મેળો અને રાષ્ટ્રીય શિલ્પગ્રામ ઉત્સવનું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, રીંગરોડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળામાં બહોળી સંખ્યામાં મુલાકાતીઓ આવશે. ઉપરોકત મેળા માટે (૧) જાહેરાતના હકકો આપવાના તેમજ (૨) કેન્ટીન (ક્રાફટેરીયા) (૩) આઈસ્ક્રીમ, ઠંડા પીણા, મીનરલ વોટર વિ. (૪) પોપકોર્નના સ્ટોલ ચલાવવા માટે રસ ધરાવનાર અને અનુભવી ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઉપર જણાવેલ દરેક કામ માટે અલગથી અત્રેથી આપેલ કોરા ભાવપત્રક ભરવાના રહેશે. કોરા ભાવપત્રક અને બીજી વિગતો/શરતો અંગેની માહિતી રૂા. ૧૦૦/– ભર્યેથી સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ઓફિસ, આદર્શ સોસાયટી, આદર્શભવનની બાજુમાં, સુરત ખાતેથી તા. ૨૧–૧૧–૨૦૦૬ થી તા. ૨૯–૧૧–૨૦૦૬ સુધી કચેરી સમય દરમ્યાન સવારે ૧૧.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક સુધી મળી શકશે. ભાવપત્રકો સીલબંધ કવરમાં પરત તા. ૦૧–૧૨–૨૦૦૬ના રોજ સાંજના ૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

ડે. કમિશ્નર (સ્પે.)
સુરત મહાનગરપાલિકા

TOP